**માન. અધ્યક્ષશ્રી,**

માન.સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ વિધાનસભામા રજુ કરેલા બિનસરકારી વિધેયક સને ૨૦૨૩ નુ વિધેયક ક્રમાંક ૪, “ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક” રજુ કરેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

માન.સભ્યશ્રીએ ગુજરાત રાજયના યુવાનોની ચિંતા વ્યકત કરીને “ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક ૨૦૨૩” રજુ કરેલ છે ત્યારે મારે તેમને કહેવું છે કે, રાજ્યનો યુવાન તેની ઉચિત કારકિર્દી પસંદ કરે અને તે કારકિર્દી ઘડતર માટે યોગ્ય રાહે પ્રયત્નો કરી શકે તે માટે રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા વ્યવસાય માર્ગદર્શન અને કેરિયર કાઉન્સેલિંગની સેવાઓ પુરી પાડવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

ઉમેદવારો નોકરી મેળવવા અંગેની પોતાની રોજગાર ક્ષમતા વધારી શકે અથવા પોતાનો જ સ્વતંત્ર વ્યવસાય શરુ કરી પગભર બની શકે તે બાબતને લક્ષ્યમાં રાખી રોજગાર કચેરી ખાતે જુદા જુદા અભ્યાસગૃપ બનાવીને વ્યવસાયલક્ષી માર્ગદર્શન, ગ્રુપ ગાઈડન્સ, વ્યકિતગત માર્ગદર્શન, નોંધણી વખતે વાર્તાલાપ વગેરે પ્રવૃત્તિ કરવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

રોજગાર કચેરીઓ દ્વારા શાળા, કોલેજો તથા આઇ.ટી.આઇ ખાતે કારકીર્દી વાર્તાલાપ આપવામાં આવે છે તથા કારકીર્દી પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે. વધુમાં, કારકીર્દીલક્ષી સચોટ માર્ગદર્શન તથા કારકીર્દીના ઘડતરની યોગ્ય દિશા મળી રહે તે માટે રાજ્યની શાળા તથા કોલેજો ખાતે કેરીયર કોર્નર ચલાવવામાં આવે છે. જેમાં કારકિર્દી શિક્ષક દ્વારા શાળા તથા કોલેજ ખાતે માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. રોજગાર કચેરીઓ દ્વારા **વર્ષ-૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ દરમિયાન ૩૩૦૭ સેમિનારના આયોજન કરેલ છે જેનો ૩,૨૨,૯૦૫ ઉમેદવારોએ લાભ લીધેલ છે.**

**માન. અધ્યક્ષશ્રી,**

સ્વરોજગાર દ્વારા યુવાનો સ્વાવલંબી બની શકે તે માટે સરકારશ્રીના વિવિધ ખાતા દ્વારા સ્વરોજગારીની અનેકવિધ યોજનાઓ અમલમાં છે. જેમ કે જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર હેઠળ વાજપાયી બેન્કેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, માનવ ગરિમા યોજના; મહિલા અને બાળ કલ્યાણ વિભાગ હેઠળની ઘર દીવડા યોજના, કુટીર ઉદ્યોગની સાધન સહાય યોજના અમલમાં મુકેલ છે. આ યોજનાઓ ઉમેદવારો સુધી પહોંચે તે માટે રોજગાર કચેરીઓ દ્વારા સ્વરોજગાર માટે પ્રેરક શિબિરોનું આયોજન કરી ઉમેદવારોને પ્રોત્સાહિત કરવામાં આવે છે તથા લોન લેવા માટેની પધ્ધ્તિથી વાકેફ કરી, અરજી કરવા અંગે માહિતી માર્ગદર્શન પુરુ પાડવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

સ્વરોજગારની વિવિધ યોજનાના પ્રચાર-પ્રસાર અર્થે રાજ્યની રોજગાર કચેરીઓ **દ્વારા છેલ્લા બે વર્ષમાં ૧૪૭૨ સેમિનારના આયોજન કરેલ છે**, જેમાં **૨,૩૫,૨૬૧** ઉમેદવારોએ લાભ લીધેલ છે.

વધુમાં, રોજગાર કચેરી ખાતે આવતા ઉમેદવારોને રોજગારી અંગેની અધતન જાહેરાતોથી વાકેફ કરવામાં આવે છે તેમજ જાહેરાત સામે ઉમેદવારી નોંધાવવા માટે જરુરી માર્ગદર્શન આપવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

વિદેશમાં અભ્યાસ તથા રોજગારી કરવા ઇચ્છુક ઉમેદવારોને સંપૂર્ણ માર્ગદર્શન મળી રહે તે હેતુથી રાજ્યમાં અમદાવાદ, વડોદરા તથા રાજકોટ ખાતે વિદેશ રોજગાર અને કારકિર્દી માહિતી કેન્દ્રો કાર્યરત છે. વિદેશમાં આવેલી કોલેજો દ્વારા ચલાવાતાં વિવિધ અભ્યાસક્રમો, તેમાં પ્રવેશ માટેના ધારાધોરણો, આવી યુનિવર્સિટીઓ/કોલેજોની માન્યતા, ફીનું માળખું, કોર્સની માન્યતા, અલ્પ સમયની રોજગારીની શક્યતાઓ અને તકો અંગેની માહિતી આપવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

વધુમાં, અંગ્રેજી ભાષાના જ્ઞાન અંગેની પરીક્ષાઓ તેમજ આવી પરીક્ષાઓનું આયોજન કરતી એજન્સીઓ વિષે માર્ગદર્શન આપવામાં આવે છે. વિદ્યાર્થીઓને વિઝા મેળવવા માટેનું આયોજન અંગેની માહિતી આપવામાં આવે છે. શૈક્ષણિક લાયકાત, વ્યાવસાયિક જ્ઞાન, કુશળતા, અનુભવ, આરોગ્ય અને વિવિધ દેશોમાં અને વિવિધ કંપનીઓ/પેઢીઓમાં રોજગારીની તકો માટેની અન્ય જરૂરીઆતો અંગેની પ્રાથમિક માહિતી આપવામાં આવે છે. ઓવરસીઝ સંબંધિત માર્ગદર્શન માટે શૈક્ષણિક સંસ્થાઓ ખાતે સેમીનારનું આયોજન કરવામાં આવે છે. રોજગાર કચેરીઓ **દ્વારા છેલ્લા બે વર્ષમાં ૭૧૯ સેમિનારના આયોજન કરેલ છે જેનો ૮૨,૮૪૨ ઉમેદવારોએ લાભ લીધેલ છે.**

**માન.અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકારે રાજ્યના યુવાનોની ચિંતા કરીને તેઓને વિવિધ ક્ષેત્રે રોજગારી અંગેની વિપુલ તકો મળી રહે તે માટે તથા ગુજરાતના યુવાનો રોજગારક્ષમ બને તે માટે અનેક યોજનાઓ અમલમાં મુકેલ છે. જેથી સમાજના દરેક વર્ગનો યુવાન પગભર બને અને તેને કોઇ ભથ્થા કે સહાયની જરૂર ન રહે.

**માન. અધ્યક્ષશ્રી,**

મુખ્યમંત્રી એપ્રેન્ટ્રીસશીપ તાલીમ યોજના અંતર્ગત

પ્રતિ સ્નાતક એપ્રેન્ટ્રીસની ભરતી માટે રૂ. ૩૦૦૦/-,

પ્રતિ ડીપ્લોમાં એપ્રેન્ટ્રીસની ભરતી માટે રૂ. ૨૦૦૦/-,

પ્રતિ ડીપ્લોમાંથી નીચેની તમામ પ્રકારના એપ્રેન્ટ્રીસની ભરતી માટે રૂ. ૧૫૦૦/-નું માસિક વળતર ચુકવવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં તા.૧૫/૧૨/૨૦૨૩ અંતિત ૧,૦૨,૩૯૨/- તાલીમાર્થીઓ લાભ લીધેલ છે.

વર્ષ ૨૦૨૩-૨૪ માં નવેમ્બર ૨૦૨૩ અંતિત ૮૬૬ ઔધૌગિક ભરતી મેળાના આયોજનથી ૮૪,૫૫૪ ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં આવી છે.

રોજગારવાંચ્છુ ઉમેદવારો તથા નોકરીદાતા ઓનલાઇન નામ નોંધણી કરી શકે તે માટે અનુબંધમ વેબ પોર્ટલ અને મોબાઇલ એપ ચાલુ કરવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

માન. સભ્યશ્રી જે વિધેયક લઇને આવ્યા છે, તેમને મારે સન્માનપૂર્વક કહેવું છે કે આ કામ ગુજરાત સરકાર નિયમિત ધોરણે કરી રહી છે અને રાજ્ય સરકાર આ માટે કટિબધ્ધ છે અને સમગ્ર દેશમાં રોજગારીના વિવિધ ક્ષેત્રોમાં ગુજરાત ચોકકસપણે અગ્રેસર રહેલ છે. વિધેયકમાં જે જે બાબતે ચિંતા કરી છે તે અંગે તમામ કામગીરી રાજ્ય સરકાર દ્વારા થઇ જ રહેલ છે. જેથી માન.સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ રજુ કરેલ બિન સરકારી વિધેયક- “ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક ૨૦૨૩” તેમના તરફથી પાછું ખેચી લેવામાં આવે એવી વિનંતી કરું છુ.

*******************************************************